Extra No. 22

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૨૯૯ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૯૯૩/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Municipalities Act, 1963**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૨૯૯ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૯૯૩/એમ:-** સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ન-ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩-ધ-ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી મે, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૧૯૦ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૯૯૩/એમ સેક્શન અને ત્યાર પછીના તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૨૫૯ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/ ૨૦૨૪/૬૯૯૩/એમ સેક્શન-થી વિસનગર નગરપાલિકાની વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કર્યો છે.

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણે વિસનગર નગરપાલિકા વિસ્તારની વસતીના આંકડા અનુસાર તેમજ અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪-ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી/૨૦૨૪નો ૧૭૦ યુડીયુએચડી/એમડબલ્યુડી/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ રદ કરીને, ગુજરાત સરકાર, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) વિસનગર નગરપાલિકાના વિસ્તારો, નવ (૯) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા છત્રીસ (૩૬) કાઉન્સિલરનું બનશે;

(૨) કાઉન્સિલરની છત્રીસ (૩૬) બેઠકોમાંથી-

(૧) બે (૨) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) એક (૧) બેઠક, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે,

(૩) દસ (૧૦) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે; જેમાંથી પાંચ (૫) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) અઢાર (૧૮) બેઠકો, સ્ત્રીઓ ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલા, વિસનગર નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.04 18:41:32 IST